**Date: 22-08-2023**

**પ્રતિ,**
**આદરણીય વાલીશ્રી,**
**જયશ્રી સ્વામિનારાયણ,**

## વિષય : વેકેશનમાં વિદ્યાર્થીઓને લેવા-મૂકવા આવો ત્યારે ધ્યાનમાં રાખવાની બાબતો

- વિદ્યાર્થીઓનું રક્ષાબંધન – જન્માષ્ટમી વેકેશન તા.29-08-2023 ના રોજ પાડવામાં આવશે.
- વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓની વિનંતીને ધ્યાનમાં રાખીને વેકેશન તા.10-09-2023 (રવિવાર) ના રોજ ખોલવામાં આવશે.

## વિદ્યાર્થીને તેડવા આવો ત્યારે ધ્યાનમાં રાખવાની બાબતો.

- વિદ્યાર્થીઓને પરીક્ષા ચાલુ હોવાથી તા.29-08-2023 નાં રોજ 10:30 પછી રજા મળી શકશે.
- ગેઈટ પાસનું વિતરણ સવારે 8:30 વાગ્યાથી ઓડીટોરીયમ / સત્સંગહોલ માંથી શરૂ થઈ જશે, ગેઈટ પાસ મેળવીને આપ સત્સંગ હોલમાં દર્શન અને કથા શ્રવણનો લાભ લઈ શકો છો.
- વાલીશ્રીઓને 10:30 બાદ જ હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે, એ પહેલા અંદર આવવા માટે કોઈએ આગ્રહ રાખવો નહી.
- તમામ વાલીશ્રીઓને પેરેન્ટસ કાર્ડ આપવામાં આવેલ છે, વ્યવસ્થા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પેરેન્ટસ કાર્ડ હશે, તેને જ ગેઈટ પાસ આપવામાં આવશે.
- એક જ ગામનાં અથવા સગા-સંબંધીઓ એક સાથે વધારે વિદ્યાર્થીઓને લઈ જવાનાં હોય તેવા સંજોગોમાં દરેક વિદ્યાર્થીઓનાં પેરેન્ટસ કાર્ડ બતાવવા જરૂરી છે.
- વોટસએપમાં પેરેન્ટસ કાર્ડ ચાલશે નહી.
- વાલીશ્રીએ સિક્યુરીટી ગેઈટપાસે વિદ્યાર્થીનો ગેઈટપાસ બતાવવો ફરજિયાત છે.
- વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કોઈ વિદ્યાર્થીઓને એકલા જવાની પરમિશન આપવામાં આવશે નહીં.

# <u>વિદ્યાર્થીને મુકવા આવો ત્યારે ધ્યાનમાં રાખવાની બાબતો.</u>

- તમામ હોસ્ટેલનાં વિદ્યાર્થીઓને તા.10-09-2023 નાં રોજ સાંજે 4:00 વાગ્યા સુધીમાં ફરજિયાત મૂકી જવાનાં રહેશે.
- જન્માષ્ટમી બાદ 2 દિવસ જેટલો સમય મળે છે, જેથી મોડા આવશું, બહારગામ છીએ, પ્રસંગ છે વિગેરે કારણો દર્શાવીને સ્કૂલ વિભાગ, હોસ્ટેલ વિભાગ કે મેનેજમેન્ટમાં આ બાબતે ફોન-કોલ કરવા નહી.
- ફક્ત તા.10-09-2023 નાં રોજ વાલીશ્રીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે.
- સ્કૂલ તથા કોચીંગ તા.11-09-2023 થી રાબેતા મુજબ શરૂ થઈ જશે.
- વિદ્યાર્થીઓ મોડા ન આવે તે બાબતે ઘણી સૂચનાઓ વાલીઓને અને વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે તેમ છતા મોડા આવનાર વિદ્યાર્થીઓને વિશેષ રીડીંગ કરાવવામાં આવશે.
- તા.10-09-2023 પછી મોડા આવનાર વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓને કોઈપણ સંજોગોમાં હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે નહી.
- આપના પુત્ર / પાલ્યને તા.22-08-2023 સુધીનાં પોતાનાં અંગત ખર્ચ (પોકેટ મની) નું સ્ટેટમેન્ટ આપેલ છે, જો પોકેટ મની માઈનસમાં હોય તો પ્લસ કરાવી આપશો. મીનીમમ (ઓછામાં ઓછા) 2500 રૂપીયા પોકેટમનીમાં રાખવા જરૂરી છે.
- પ્રથમ સત્રની ફી કોઈ વિદ્યાર્થીઓની બાકી હોય  તેવા વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓ પોતાની ફરજ સમજીને વિદ્યાર્થીઓને લેવા માટે આવો ત્યારે તા.29-08-2023 ના રોજ એકાઉન્ટ વિભાગમાં ફી જમા કરાવી આપશો.
- હકારાત્મક સહકારની અપેક્ષા સહ.... જય સ્વામિનારાયણ.

**મેનેજમેન્ટ**

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જ્ઞાનબાગ, જૂનાગઢ**